કોરોનાના કારણે સર્જાયેલી પરિસ્થિતિના સંદર્ભમાં

સમસ્યાના ઉકેલ માટે યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં ફેરફાર કરવા પડશે : શિક્ષણમંત્રી

જી.ટી.યુ. દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલ ચિંતન બેઠકને શિક્ષણમંત્રીશ્રીનું સંબોધન

ગાંધીનગર, તા. ૨૭

કોરોના મહામારીના કારણે સમગ્ર વિશ્વમાં ઔદ્યોગિક, આર્થિક, સામાજિક અને શૈક્ષણિક જગતમાં ફેરફાર થવાની સંભાવના છે ત્યારે માનવીએ તેની જીવનશૈલી અને જીવન પધ્ધતિમાં પણ ફેરફાર કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જયાં સુધી શિક્ષણ ક્ષેત્રને સંબંધ છે ત્યાં સુધી કોરોનારૂપી વૈશ્વિક અદ્રશ્ય આપત્તિના આ સમયનો અભ્યાસ કરીને યુનિવર્સિટીઓ કે શિક્ષણ સંસ્થાઓએ આગામી દિવસોમાં તેના અભ્યાસક્રમોમાં પણ ફેરફાર કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે કોરોનાની પરિસ્થિતિના સંદર્ભમાં નિર્માણ થયેલી સ્થિતિનું ચિંતન કરવા ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ચિંતન બેઠકને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું. શિક્ષણમંત્રીશ્રીએ દૂનિયાભરના વિદ્વાન લોકોએ ઓનલાઈન પધ્ધતિથી એક બીજાના સંપર્કમાં રહીને વૈશ્વિક સમસ્યાનું કઈ રીતે સમાધાન કરવું તે અંગેની વ્યવસ્થાઓ પણ ઉભી કરવી પડશે તેમ જણાવ્યું હતું.

લોકોની જીવનશૈલીમાં આવેલા ફેરફારને કેવી રીતે ટકાવી રાખવા અને તેના માટે જરૂરી વાતાવરણ ઉભું કરવાની જરૂરિયાત પર પણ શિક્ષણમંત્રીશ્રીએ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પોસ્ટ કોરોના સમયમાં યુનિવર્સિટીની ભૂમિકા ખૂબ જ અગત્યની છે ત્યારે આ નવા પડકારને ઝીલવા માટે યુનિવર્સિટીઓ શું કરી શકે તેનું ચિંતન કરવામાં આવે.

કોરોના સામે છેડાયેલા જંગમાં સતત પ્રવૃત્ત અને જાગૃત રહેવું જરૂરી છે. આપણા સતત પૂરૂષાર્થમાં કાં તો જીત મળશે અથવા તો જીતની રીત મળશે. શ્રી ચુડાસમાએ એમ પણ જણાવ્યું હતું કે, સામાન્ય નાગરિકે એ સમજવું પડશે કે વેન્ટીલેટર કરતા માસ્ક પહેરવું સારુ. આઈ.સી.યુ. કરતા ઘરમાં રહેવું સારુ. જીદગીથી હાથ ધોવા પડે તેના કરતા સાબુથી હાથ ધોવા સારા. આ સૂત્રને જો સમજવામાં આવે તો પણ કોરોનારૂપી મહામારીનો સામનો કરવામાં આપણને સફળતા મળશે. આપણે અત્યાર સુધી ધરતીકંપ, વાવાઝોડા, દુષ્કાળ, પૂર જેવી દશ્ય આફતો જાઈ છે. પરંતું આ કોરોના એ અદશ્ય

આફત છે ત્યારે તેની સામે લડવામાં ખૂબ જ જાગૃતિ અને સ્વયં શિસ્ત જરૂરી છે તેમ શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું.

વિડીયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલી આ ચિંતન બેઠકમાં જાણીતા સામાજિક આગેવાન શ્રી અતુલજી લિમયે, નંદુરબાર ખાતેના કૃષિ વૈજ્ઞાનિક શ્રી ગજાનંદ ડાંગે, પ્રખર ચિંતક શ્રી યશવંતભાઈ ચૌધરી તથા રાજ્યની સરકારી યુનિવર્સિટીના કુલપતિશ્રીઓએ ઉપસ્થિત રહીને પોતાના વિચારો વ્યકત કર્યા હતા.

જય ગાયત્રી ચેરીટેબલ ટ્રસ્ટ ના કુણાલસિંહ તથા વિજયભાઈ દ્વારા ગાંધીનગર મા વિવિધ જગ્યાએ જઈને થર્મલ સ્કિનિગ ટેસ્ટ કરવામાં આવ્યો જેથી કોરોના વાયરસની મહામારી વચ્ચે સાવચેતી રખાય. તેવુ સેવાકીય કાર્ય કરવામાં આવશે. તથા સામાજિક અંતર જળવાઈ રહે તેવી સેવા હાથ ધરવામાં આવી.

જન્મદિને વધામણી

વૈભવી વિરેન્દ્ર પંડ્યા

સૃજન જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮

રાજુ ડી પરમાર
રેડક્રોસ, ગાંધીનગર

રાજ સુથાર
મો. ૯૧૦૮૭ ૭૦૩૭૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

‘નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે : ખબર છે આટલી કે માતની હાકલ પડી છે

અંગ્રેજ સરકાર સામેના આઝાદીના જંગ વેળાએ રાજદ્રોહના ખોટા આરોપસર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ધરપકડ કરીને ૨૮ એપ્રિલ ૧૯૩૦ના રોજ ધંધુકા ખાતે

મૅજિસ્ટ્રેટ ઈસાણીની વિશેષ અદાલત સમક્ષ રજૂ કરાયા. પોતાનો બચાવ કરવાની તક આપવામાં આવી તેનો અસ્વીકાર કરતાં ઝવેરચંદ મેઘાણીએ કોર્ટની અનુમતિથી ધીરગંભીર અવાજે ‘સિંધુડો’માંથી એમનું સ્વરચિત દર્દભર્યું ગીત ‘છેલ્લી પ્રાર્થના’ ગાવાનું શરૂ કર્યું : ‘હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ, કલેજાં ચીરતી કંપાવતી અમ ભયકથાઓ; મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ : સમર્પણ એ સહુ તારે કદમ, પ્યારા પ્રભુ ઓ !’ તેમની છાતીના બંધ તૂટી ગયા. ફુલાવેલા ગળામાંથી નીકળતા સ્વરો અદાલતમાં ગુંજી ઊઠ્યા. વાતાવરણ લાગણીભીનું બની ગયું. લ્યનથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે : ખબર છે આટલી કે માતની હાકલ પડી છે’પંક્તિઓ આવી ત્યાં તો કોર્ટના ઓરડામાં, ઓરડાનાં દ્વારોમાં ને ફરતી ઓંસરીમાં હૈયેહૈયું દળાય તે રીતે ભીડાભીડ ઊભેલાં હજારો ભાઈ-બહેનોએ અત્યાર સુધી માંડ દાબી રાખેલ ડૂસકાં પથ્થરને પણ પીગળાવે તેવી રીતે હીબકવા લાગ્યાં. ઝવેરચંદ મેઘાણીનાં વાંકડિયાં કાળાં જુલફાં, ઉન્નત મસ્તક, લાલઘેઘૂર આંખો, ઊંચા પહોળા હાથ એક ભવ્ય ચિત્ર ઉપસાવતાં હતાં. પ્રાર્થના પૂરી થતાં એ ખુરશી પર બેસી ગયા. કોર્ટનું મકાન હજારોની માનવમેદનીનાં ડૂસકાં ને આર્તનાદોથી કંપતું રહ્યું. મૅજિસ્ટ્રેટ ઈસાણીની આંખ પણ આંસુભીની થઈ ગઈ.

બીજે દિવસે દસ વાગ્યાની આસપાસ લીંબડા નીચે બેઠેલા મૅજિસ્ટ્રેટ ઈસાણીએ બે વર્ષની સજા ફરમાવી. લ્યઈન્કિલાબ ઝિન્દાબાદ’ના નારાથી કોર્ટનું પ્રાંગણ ગાજી રહ્યું. અમદાવાદની સાબરમતી જેલમાં લઈ જવાતા ઝવેરચંદ મેઘાણીને વિદાય આપવા સહુકોઈ રેલવે-સ્ટેશન પહોચ્યાં.

- **૨૮ એપ્રિલ ૧૯૩૦ના રોજ ધંધુકાની વિશેષ અદાલતમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ ‘સિંધુડો’માંથી દર્દભર્યું કાવ્ય ‘છેલ્લી પ્રાર્થના’ ગાયું ને મેજિસ્ટ્રેટ ઈસાણી સમેત સહુની આંખો આંસુભીની થઈ ગઈ.**
- **તે વખતની સ્વાતંત્ર્ય-સંગ્રામની લડત પર આ ઐતિહાસિક પ્રસંગનો ખાસ્સો પ્રભાવ પડ્યો હતો.**
- **૨૮ એપ્રિલ ૨૦૨૦ના રોજ આ ઐતિહાસિક પ્રસંગની ૯૦મી જયંતી છે.**

ઝવેરચંદ મેઘાણીએ લોકોનો આભાર વ્યક્ત કરતાં કહ્યુ : ‘ભાઈઓ, તમારામાં—હિંદુ-મુસ્લિમોમાં—જરા સરખીયે તિરાડ હોય તો મારા લોહીથી તે બુરાઈ જાઓ એવી મારી પ્રાર્થના છે. હિંદમાતાની આઝાદીના આ યજ્ઞમાં તમારા બલિ હોમો અને સ્વતંત્રતાને વરો.’

તે વખતની સ્વાતંત્ર્ય-સંગ્રામની લડત પર આ ઐતિહાસિક પ્રસંગનો ખાસ્સો પ્રભાવ પડ્યો હતો. મહાત્મા ગાંધીએ પણ વાઇસરૉયને ખાસ પત્ર લખીને ધ્યાન દોર્યુ હતું : લ્યગુનો કર્યાનું કહેવાય છે તે સમયે તો કવિ રાણપુરમાં પોતાને ઘર ઘસઘસાટ ઊંઘતા હતા.’

એ સમયે ‘ડાક બંગલા’ તરીકે ઓળખાતા, જિલ્લા પંચાયતનાં હાલનાં લ્યરેસ્ટ-હાઉસ’માં ત્યારે વિશેષ અદાલત ઊભી કરાઈ હતી. જે ઐતિહાસિક લીંબડા નીચે મેજીસ્ટ્રેટ ઈસાણીએ ચૂકાદો આપેલ ત્યાં ૨૦૧૧માં લ્યમેઘાણી ઓટલો’ પ્રસ્થાપિત થયો છે. આ ઐતિહાસિક ઘટનાને નિરૂપતું માહિતીસભર પ્રદર્શન તથા ઝવેરચંદ મેઘાણીનાં રેખાચિત્ર અને હસ્તાક્ષર કોતરેલી કાળા ગ્રેનાઈટમાં સોનેરી અક્ષરોવાળી આકર્ષક તકતી પણ ૨૦૧૩માં સ્થાપિત કરાયાં છે. હાલ જરજરિત હાલતમાં આ ઐતિહાસિક ઈમારતનો સુયોગ્ય રીતે જીર્ણોધ્ધાર કરવામાં આવે તેમજ અહિ ભવ્ય સ્મારક સંકુલનું નિર્માણ થાય તથા પાસે આવેલ નિર્માણધીન ફ્લાયઓવરનું લ્યરાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી બ્રીજ’ તરીકે નામકરણ થાય તેવી લોકલાગણી છે.

રોગ પ્રતિકારકશક્તિ વધારવા ઘરઆંગણે પ્રાપ્ત લીલાં ઔષધો અને ઘરગથ્થુઓનો ઉપયોગ કરવા અનુરોધ

ગાંધીનગર, તા. ૨૭

આરોગ્ય વિભાગના અગ્રસચિવ ડૉ. જયંતી રવિએ જણાવ્યું છે કે, રાજ્યમાં પ્રવર્તી રહેલ કોરોના વાયરસના સંક્રમણે અટકાવવા માટે રાજ્યનું વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ અને પ્રતિબધ્ધ છે. રાજ્યમાં જે પોઝીટીવ કેસો નોંધાયા છે તે પૈકી

૮૯ ટકા કેસો અમદાવાદ, સુરત અને વડોદરાના છે.

ડૉ. રવિએ ઉમેર્યું કે, રાજ્યમાં જે પોઝીટીવ કેસો નોંધાયા છે તેમાં અમદાવાદના ૬૫ ટકા, સુરતના ૧૬ ટકા અને વડોદરાના ૮ ટકા કેસોનો સમાવેશ થાય છે. ઉપરાંત ૨૭ જિલ્લામાં ૧૧ ટકા પોઝીટીવ કેસો છે અને અમરેલી, દેવભૂમિ દ્વારકા અને જૂનાગઢ મળી કુલ ત્રણ જિલ્લામાં એકપણ પોઝીટીવ કેસ નોંધાયો નથી.

તેમણે ઉમેર્યું કે, સંક્રમણ થતું અટકાવવા અને અન્ય રોગોના દર્દીઓને માર્ગદર્શન માટે રાજ્ય સરકારે ટેલિ મેડીસીન થકી સારવાર આપવા નવતર પ્રોજેક્ટ હાથ ધર્યો છે, જેમાં એમ.ડી ફિઝિશિયન, એમ.ડી પ્રિડ્રિયાટ્રિશિયન, ડર્મેટોલોજીસ્ટ અને ગાયનેકોલોજીસ્ટ જેવા તજજ્ઞો દ્વારા સવારે ૧૦ થી સાંજના ૫ સુધી માર્ગદર્શન આપવામાં આવે છે, જેનો મહત્તમ લાભ લેવા માટે અનુરોધ છે. આરોગ્ય કમિશનરની કચેરીએથી તેનું સંકલન કરાઈ રહ્યું છે. ૩૧ જિલ્લાના નાગરિકો ટેલિ મેડીસીનનો લાભ લઈ રહ્યા છે.

તેમણે કહ્યુ કે, કોવિડ૧૯ સંદર્ભે ૧૦૪ અને ૧૧૦૦ હેલ્પલાઈન કાર્યરત છે, જેમાં ૧૦૪ હેલ્પલાઈન પર ૫૬,૨૫૯ કોલ આવ્યા છે, તે પૈકી ૨૩૭૬ લોકોને સારવાર પૂરી પડાઈ છે અને એજ રીતે ૧૧૦૦ નંબર પર પણ અત્યાર સુધી ૧૨૩૮૪ કોલ આવ્યા છે જે પૈકી ૬૨૯૮ કોરોના સંબંધિત અને ૬૦૮૬ અન્ય માર્ગદર્શન માટેના કોલ હતા તે તમામને માર્ગદર્શન પુરુ પડાયું છે.

ડૉ. રવિએ ઉમેર્યું કે, કોવિડ૧૯ ના સંક્રમણથી બચવા પોતાની રોગપ્રતિકારક શકિત વધારવા માટે દરેક વ્યક્તિએ વધુને વધુ પ્રયત્નો કરવા આવશ્યક છે તે માટે ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શિકા મુજબ રાજ્ય સરકાર દ્વારા આયુર્વેદિક ઉકાળા, સંશમની વટી અને હોમિયોપેથી દવાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે તે ઉપરાંત ઘરગથ્થુ ઔષધોનો ઉપયોગ કરવા પણ સુચન કરવામાં આવ્યું છે.

ડૉ. રવિએ ઉમેર્યું કે, કોવિડ કેર સેન્ટરમાં આયુર્વેદ આધારિત તૈયાર કરવામાં આવેલા ડાયેટ ચાર્ટ મુજબ દર્દીઓને આહાર આપવામાં આવી રહ્યો છે. સંલગ્ન સત્તાધિકારીઓને આયુર્વેદ આધારિત તૈયાર કરાયેલા ડાયેટ ચાર્ટ મુજબ આહાર દર્દીઓને આપવા શક્ય તેટલો પ્રયત્ન કરવા સૂચના આપી દેવાઈ છે.

રોગપ્રતિકારક શકિત વધારવા ઘરગથ્થુ ઉપયોગ કરવાનો પણ અનુરોધ કરતા ડૉ. રવિએ ઉમેર્યું કે, ઘરઆંગણે સરળતાથી પ્રાપ્ત થતા લીલાં ઔષધોનો ઉપયોગ કરવો જોઈએ જે ગ્રામ્ય વિસ્તારમાં વિપુલમાત્રામાં ઉપલબ્ધ છે, ગળો, તુલસી, અરડુસી, લીમડાનાં આંતરછાળ,આદુ અને હળદરનો પણ વધુને વધુ ઉપયોગ કરવા જણાવ્યું છે.

ડૉ. રવિએ વધુમાં ઉમેર્યું કે, સમરસ હોસ્ટેલ અમદાવાદ ખાતે કોવિડ૧૯ પોઝીટીવ દર્દીઓ કે જે લક્ષણરહિત છે તેવા ૭૫ વ્યકિતઓને ૨૪ એપ્રિલથી દરરોજ સંશવટીની બબ્બે ગોળી દિવસમાં બેવાર સાત દિવસ સુધી અપાય છે. તે ઉપરાંત દશમુલક્વાત, પથ્યાદિક્વાથ તથા ત્રિકટુ ચુર્ણ અપાઈ રહ્યું છે એટલું જ નહિ હોમિયોપેથી આર્સેનિકમ આલ્બમ ૩૦ પોટેન્શી દવાઓ પણ અપાઈ રહી છે. આજ રીતે કોરન્ટાઈન કરાયેલા વ્યક્તિઓને ઉપરોક્ત દવાઓ અપાઈ રહી છે.

વીડિયો કોલિંગથી માતા જોડે વાત કરવાથી રૂબરુ મળ્યાનો અહેસાસ થયો... અમ્મીને પણ સારું લાગ્યું : રૂબીનાબેન

દર્દીઓને જરૂરિયાતની વસ્તુઓ મોકલવા હેલ્પ ડેસ્ક મદદરૂપ ....

કોરોના સંક્રમણે વિશ્વ આખાને તેના ભરડામાં લીધું છે. ગુજરાત પણ તેમાંથી બાકાત રહ્યુ નથી. કોરોનાનું સંક્રમણ વધુ ન ફેલાય અને તમામ દર્દીઓની એક જ જગ્યાએથી સારવાર કરી શકાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સિવિલ હોસ્પિટલમાં ૧૨૦૦ બેડની નવી હોસ્પિટલને કોરોના દર્દીઓની સારવાર માટેની અલગ હોસ્પિટલમાં ફેરવી નાખવામાં આવી છે.

આ હોસ્પિટલમાં રાજ્યભરના દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. આ દર્દીઓને સાથે તેમના સ્વજનો પણ આવે છે.

સામાન્ય રીતે દવાખાને દર્દીઓને દાખલ કરવામાં આવે તો દર્દીની સાથે તેમના સગા વ્હાલા તો આવે જ છે પરંતુ દાખલ કર્યા બાદ તેમના સ્વાસ્થ્યના ખબર -અંતર પૂછવા પણ સ્વજનો આવતા રહેતા હોય છે.

કોવિડ હોસ્પિટલમાં દાખલ દર્દીઓના ખબર-અંતર પૂછવા પણ આવા અનેક સ્નેહીજનો અને આપ્તજનો આવતા રહેતા હોય છે. પરંતુ જો તેમને આ હોસ્પિટલમાં પ્રવેશ આપવામાં આવે તો આ કોરોનાનું સંક્રમણ થાય એવો ભય રહે છે.

આ માટે હોસ્પિટલથી થોડે દુર વીડિયો કોલિંગની સવલત ઉભી કરવામાં આવી છે. હેલ્પ ડેસ્ક ખાતે ઊભી કરવામાં આવેલી આ સગવડ ખાતે પાંચ મોબાઈલ ફોન રાખવામાં આવ્યા છે. જેના દ્વારા દર્દીના સગાઓ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા દર્દી સાથે વાતચીત કરી શકે છે.

આ ઉપરાંત હોસ્પિટલના દરેક વોર્ડમાં પણ મોબાઈલ ફોન રાખવામાં આવ્યા છે કે જેના દ્વારા દર્દીના સગાને દાખલ કરવામાં આવેલ દર્દી સાથે વાત કરાવાય છે.

સિવિલ હોસ્પિટલ ખાતે આવા જ એક દર્દીના સગા રૂબીનાબેન આવ્યા હતા.તેમના મમ્મી કે જે ૬૫ વર્ષના છે. તેમનું નામ

હસીનાબીબી અબ્દુલ રહેમાન મહેરબાન તેઓ હોસ્પિટલમાં દાખલ છે.

રૂબીનાબહેન કહે છે કે, ‘ મારી અમ્મીને માત્ર બે દીકરીઓ છે. જેમાંની હું અમદાવાદમાં રહું છું. બીજી દીકરી બીજે રહે છે લોક ડાઉનને કારણે હોસ્પિટલ ખાતે આવી શકે તેવી સ્થિતિમાં નથી... અમારે કોઈ ભાઈ નથી. મમ્મીને રૂબરૂ મળવાની ખૂબ જ ઈચ્છા છે, પરંતુ કોરોનાના સંક્રમણની લીધે હું અમ્મીને મળી શકતી નથી. તેવા સમયે આ વીડિયો કોલિંગની સગવડ મારા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે...‘ એમ તેઓ ઉમેરે છે.’

‘મુસ્કુરાયેગા ઈન્ડિયા... જીત જાયેગા ઈન્ડિયા...’ કોરોનાનો કાંટો કાઢવા શહેરીજનોનું સમૂહગાન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના મેયરથી લઈ વિવિધ ક્ષેત્રના શહેરના જાણીતા લોકોને એકત્રિત કરી ફોટોગ્રાફર નદીમ શેખે રાષ્ટ્રભાવનાનો બનાવેલો વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો

કોરોનાવાયરસની મહામારી વૈશ્વિક સ્તરે ફેલાયેલી છે. ભારતમાં અત્યારે લોક ડાઉનનો બીજો તબક્કો ચાલી રહ્યો છે ત્યારે કોરોનાનો કાંટો કાઢવા અને સૌને એક થવા માટે પોઝિટિવ મેસેજ આપતો અને ઉત્સાહ જગાવતો એક વિડીયો ‘મુસ્કુરાયેગા ઈન્ડિયા, જીત જાયેગા ઈન્ડિયા...‘ ગાંધીનગરના લોકોને આવરી લેયર સ્ટુડિયોના ફોટોગ્રાફર નદીમભાઈ શેખે બનાવ્યો છે. અને એ દ્વારા ‘એક ગાંધીનગર, શ્રેષ્ઠ ગાંધીનગર‘ મેસેજ આપવામાં આવ્યો છે.

ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા એટલે કે જીગા બાપુ ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત, જાણીતા હિરો જનક ઠક્કર, હિરોઈન વિવેકા પટેલ વગેરે સાથે લગભગ ૩૫ જણાએ આ વીડિયોની અંદર કામ કર્યું છે. આ વિડિયો બનાવવા માટે સૌને આમંત્રણ આપવામાં આવ્યું હતું અને પોતાના ઘરમાં જ રેકોર્ડિંગ કરી વિડિયો ક્લિપ બનાવીને મોકલવાની હતી.

આ વિડિયોમાં નદીમ શેખ, દિવ્યરાજસિંહ ચાવડા, કુંતલ નિમાવત અને પરિવાર, હાર્દિકા શુક્લ, સંજય થોરાત ‘સ્વજન‘, કુણાલ શાહ, બિન્ની દવે, અભિરાજસિંહ ઝાલા મેગી, ચાર્મી હરડે, દર્શના રાઠોડ, કરિશ્મા પાટડીયા, ભાવેશ ત્રિવેદી, સેજલ બુટાણી, શિવાની ભટ્ટ, નીરવ પરમાર, દીપલ પરમાર, જય દવે, હિમાંશુ બારોટ, દિવ્યા રાઓલ, કિંવજલ બ્રહ્મભટ્ટ, જીનલ રાવલ, હર્ષવર્ધનસિંહ પરમાર, સ્નેહા પટેલ, જીજ્ઞા હરડે, મનુભાઈ રાઠોડ, અદિતિ ત્રિવેદી, રિદ્ધિ થોરાત, સ્વપ્નિલ પટેલ, વિનય મિસ્ત્રી, સી. એલ. મહેતા દિવ્યકાંત વર્મા ડીકે, વિવેકા પટેલ અને જનક ઠક્કર જેવા સર્જકોએ ઉત્સાહભેર ભાગ લઈ ગાંધીનગર માટે શ્રેષ્ઠ વિડિયો બનાવવા પોતાનું સ્વૈચ્છિક યોગદાન આપ્યું હતું.

કોરોના વાયરસ સામે લડવા માટે અને લોકોમાં ઉત્સાહ જગાવવા માટે બનાવેલા આ વિડિયોમાં સૌએ ઉત્સાહભેર સમૂહગાન કર્યું છે. અને અત્યારે સોશિયલ મીડિયા પર આ વિડિયો વાયરલ થયો છે.